# ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ

સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા

## <u>જાહેર સૂચના</u>

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હેઠળ કાર્યરત ચારેય વીજ વિતરણ કંપની–ડીજીવીસીએલ, એમજીવીસીએલ, પીજીવીસીએલ અને યુજીવીસીએલના માનવંતા વીજગ્રાહકોને જણાવવાનું કે, નોવેલ કોરોના વાયરસ મહામારીને ફેલાતી અટકાવવા તથા તકેદારીના ભાગરૂપે સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ લોકડાઉનના સમયગાળા તા.૨૫.૦૩.૨૦૨૦ થી તા.૧૭.૦૫.૨૦૨૦ દરમ્યાન મીટર રીડીંગ અને બીલીંગની કામગીરી હાથ ધરી શકાયેલ નહિ. તે સંજોગોમાં રાજયના વીજ ગ્રાહકોને હાલમાં અપાઈ રહેલ વીજ બીલ અંગે કોઈ ગેરસમજ ન પ્રવર્તે તે માટે નીચે મુજબની હકીકતો ધ્યાને લેવા વિનંતી.

- હાલમાં મીટર રીડિંગની કામગીરી હાથ ધરાયેલ છે જેમાં ખરેખર થયેલ વીજ વપરાશ પ્રમાણે જ વીજ બિલ આપવામાં આવી રહયાં છે અને તેમાં લોકડાઉન દરમ્યાન અપાયેલ વીજ બીલની રકમ બાદ કરવામાં આવેલ છે.
- ઉનાળાની ઋતુ હોવાથી અને રાજયભરમાં લોકડાઉનના કારણે તમામ સભ્યો ઘરે જ હોવાથી વીજાણું માધ્યમનો પણ મહત્તમ વપરાશ થાય એ સ્વાભાવિક છે અને લોકડાઉન પિરિયડના કારણે લગભગ ચાર માસના વીજ વપરાશનું બીલ અપાયેલ હોવાથી વીજબીલની રકમ વધુ જણાય છે.
- હકીકતમાં વીજ કંપનીઓ તરફથી માનવંતા વીજગ્રાહકોને માનનીય વીજ નિયંત્રક આયોગ (GERC) ના નિર્દિષ્ટ દર મુજબ તેમના ખરેખર થયેલ વીજ વપરાશ મુજબ જ કોઈપણ વધારાનો દર વસૂલ્યા વગર વીજ બિલ આપવામાં આવેલ છે.
- માનનીય વીજ નિયંત્રક આયોગ (GERC) દ્વારા દરેક કેટેગરીના વીજગ્રાહકો માટે વીજદર(ટેરીફ) માસિક વપરાશના સ્લેબ પ્રમાણે નકકી કરાયેલ છે તેથી વહીવટી કારણોસર અત્યારે રહેણાંક વીજગ્રાહકોને ચાર માસના બિલિંગ કરાતા હોઈ, કોમ્પ્યુટરના બીલીંગ પ્રોગ્રામમાં જ વ્યવસ્થા કરેલ છે જે જીઈઆરસીના માસિક વીજવપરાશના સ્લેબ પ્રમાણે જ થાય છે.
- રાજય સરકારશ્રીના આત્મનિર્ભર પેકેજ મુજબ માસિક ૨૦૦ યુનિટ સુધીનો વીજ વપરાશ ધરાવતા રહેણાંક વીજગ્રાહકોને તેમના વીજ બીલમાંથી ૧૦૦ યુનિટ સુધી એક વખતની રાહત પેટે બાદ કરી આપવામાં આવી રહેલ છે, જે રકમનો બીલમાં સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે.
- આ નિર્ણય અંતર્ગત રાજયના આશરે આવા ૫૦ ટકા જેટલા વીજગ્રાહકોને જુલાઈ માસના બીલીંગ સાયકલ દરમ્યાન નિયમાનુસાર મળવાપાત્ર લાભ આપવામાં આવેલ છે જયારે બાકીના ૫૦ ટકા વીજગ્રાહકોને ઓગસ્ટ–૨૦૨૦ ના બીલીંગ સાયકલ દરમ્યાન આવરી લેવાશે.

ઉપરોકત માહિતી વીજ વિતરણ કંપનીના માનવંતા વીજ ગ્રાહકોના તથા જાહેર હિતને ધ્યાને લઈ આપવામાં આવેલ છે, જેથી વીજ બીલ અંગે ગ્રાહકોને સાચી માહિતી મળી રહે. તે ઉપરાંતવીજ ગ્રાહકોને વધુ સારી સેવા પૂરી પાડી શકાય તે માટે આપના વીજ બીલની રકમ નિયત સમય મર્યાદામાં (શકયતઃ ઓનલાઈનથી) ભરપાઇ કરી સહકાર આપવા નમ્ર અનુરોધ છે.